ગાંધીનગર સમાચાર



# આજે પ્રથમ દિવસે જ પાર્લામેન્ટરી બોર્ડની બેઠકમાં ગાંધીનગર બોલાવાયુ

ગાંધીનગર, તા. ૨

ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની આજથી શરૂ થયેલ બેઠકમાં ગાંધીનગર જિલ્લા પંચાયત અને હતા. મળતી વિગતો પ્રમાણે જિલ્લા પંચાયતની ૩૦ બેઠકો માટે ૭૫ થી વધુ નામો રજુ થયા હતા. આ નામો શોર્ટ લીસ્ટ કરી રજુ કરાયા હોવાનું જાણવા મળેલ છે.

## ભાજપ દ્વારા ૬ કે ૭ નવેમ્બરે ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવે તેવી સંભાવનાઓ

ત્રણ તાલુકા પંચાયતના ઉમેદવારોની પસંદગી માટે ચર્ચા હાથ ધરવામાં આવી હતી.

મોડી રાત સુધી ચાલેલ પાર્લામેન્ટરી બોર્ડ અમદાવાદ, ગાંધીનગર ઉપરાંત સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓ કલીયર કર્યા

ગાંધીનગર જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના ઉમેદવારોની યાદી ૭મી સુધીમાં આખરી થઈ ગયા બાદ તેની વિધિવત્ જાહેરાત કરાશે તેમ મનાઈ રહ્યું છે.

દરમ્યાન આજે નિરીક્ષકો પાસેથી પણ જિલ્લાનો અહેવાલ મેળવવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

ભારતીય જનતા પક્ષે પણ તાલુકાવાર નિરીક્ષકો નિમ્યા હતા તેમજ બેઠકવાર રજુઆતો સાંભળવામાં આવી હતી.

જિલ્લામાં બે નગરપાલિકાની ચૂંટણીઓ પણ યોજાઈ રહી હોવાથી પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડ દ્વારા બે દિવસમાં આખરી પસંદગી પ્રક્રિયા પૂર્ણ કરી દેશે. આજે જિલ્લા ભાજપના મહત્વના આગેવાનો અને હોદ્દેદારો પાર્લામેન્ટરી બોર્ડમાં ઉપસ્થિત રહ્યા હતા.




(તસવીર : કશ્યપ નિમાવત)

બસ સ્ટેન્ડમાં ગોટાળો - સેક્ટર-૨૭ના પ્રવેશદ્વાર પાસે નવનિર્મિત બસ સ્ટેન્ડના બોર્ડમાં ગોટાળો સર્જાયો છે... સેક્ટર-૨૭માં સાંઈબાબાનું મંદિર ભૂતકાળમાં હતું અને તેના કારણે તે બસ સ્ટેન્ડ 'સાંઈબાબા મંદિર બસસ્ટેન્ડ' તરીકે ઓળખાતું હતું... આજે મંદિર તો નથી પરંતુ સેક્ટર-૨૭ના સ્થાને સેક્ટર-૨૬ લખીને એસ.ટી. તંત્ર દ્વારા ભારે ગોટાળો સર્જાયો છે... નાગરિકો કૌતુકભરી નજરે જુએ છે અને ચર્ચા કરે છે ગજબનો ગોટાળો સર્જાયો છે... સેક્ટર-૨૬નું બસસ્ટેન્ડ આ બસસ્ટેન્ડથી એક કિલોમીટર દૂર છે એટલે ભૂલભૂલામણી સર્જાય છે... તાત્કાલિક એસ.ટી. તંત્ર ભૂલ સુધારી લે એ સૌના હિતમાં છે....

# ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં બાયોલોજીનુ પેપર સરળ

## બે ગુણના પ્રશ્નો પુસ્તક બહારના પુછાયા

ગાંધીનગર તા ૨

ધોરણ ૧૧ વિજ્ઞાન પ્રવાહની સેમેસ્ટર ૧ ની પરિક્ષામાં આજે બાયોલાજી વિષયનુ પેપર હતુ. જો કે પ્રશ્નપત્ર ટેક્ષ બુક આધારિત હોવાથી વિદ્યાર્થીઓ માટે આ પરિક્ષા સરળ રહી હતી. પરંતુ માત્ર બે ગુણના એમ સી કયુ પુસ્તક બહારના પુછાયા હોવાનુ પણ વિષય નિષ્ણાંતો જણાંવી રહયા છે.

ધોરણ -૧૧ વિજ્ઞાન પ્રવાહની સેમેસ્ટર પરિક્ષામાં પ્રથમ દિવસે કેમેસ્ટ્રી વિષય બાદ આજે જીવવિજ્ઞાનની કસોટી લેવામાં આવી હતી. કેમેસ્ટ્રીના પેપરમાં ૧૫ ગુણના પ્રશ્નો અટપટા હોવાનો આક્રોશ પણ ઉઠવા પામ્યો છે. જયારે આજે બાયોલાજી વિષયની પરિક્ષા લેવાઈ હતી. બાયોલોજીનુ પેપેર સરળ નિકળતા વિદ્યાર્થીઓ ખુશહાલ જોવા મળ્યા હતા. આ અંગે વિષય નિષ્ણાંત ડો અજયસિંહ રાજપુતના જણાંવ્યા મુજબ બાયોલોજીમાં કુલ ૧૦૦ ગુણના એમ સી કયુમાંથી ૯૮ માર્કના પ્રશ્નો પાઠયપુસ્તક આધારિત હતા.જયારે બે પ્રશ્નો પુસ્તક બહારના હતા. જયારે એક પ્રશ્ન એવો હતો કે તેના વિકલ્પમાં બે જવાબો સાચા હતા. ધોરણ -૧૧માં પરિક્ષાના પ્રથમ દિવસે કેમેસ્ટ્રીના પેપરમાં અટપટા પ્રશ્નોથી વિદ્યાર્થીઓ મુંઝાયા હતા. જયારે આજે બાયોલોજીનુ પેપર પ્રમાણમાં સરળ નિકળતા વિદ્યાર્થીઓ ખુશહાલ જોવા મળ્યા હતા.

# કરાઈ સાઈફન પાસે ત્રણ મોર તથા એક ઢેલના શંકાસ્પદ મૃતદેહ મળ્યા

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર નજીક સાબરમતી નદીમાં કરાઈ સાઈફન પાસેની ખુલ્લી ઝાડીઓમાંથી આજે ત્રણ રાષ્ટ્રીય પક્ષી મોર અને એક ઢેલના મૃતદેહ મળી

## વન વિભાગે ચારેય પક્ષી મૃતદેહને અમદાવાદ સિવિલ ખાતે પી.એમ. અર્થે મોકલી આપી તપાસ હાથ ધરી છે

આવતા ચકચાર મચી જવા પામી હતી. આ મૃતદેહની જાણ વન વિભાગને થતા તુરંત વન વિભાગ બનાવ સ્થળે દોડી આવી ચારેય પક્ષી મૃતદેહને પી.એમ. અર્થે અમદાવાદ મોકલી આપી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર નગરની સીમમાંથી પસાર થતી સાબરમતી નદી પાસે કરાઈ ગામ આવેલું છે. જ્યાં નદીના પટમાં કરાઈ સાઈફન પાસે વિશાળ જગ્યામાં જંગલ ઝાડીઓ આવેલી છે.

આ ઝાડીઓ વિસ્તારમાં આજે ત્રણ રાષ્ટ્રીય પક્ષી મોર અને એક ઢેલનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી હતી.

રાષ્ટ્રીય પક્ષી મોર અને ઢેલના મૃત્યુ અંગે રેન્જ વન વિભાગને જાણ થતા તુરંત રેન્જના અધિકારીઓ બનાવ સ્થળે દોડી આવ્યા હતા અને સ્થળ પર જ મૃતદેહની પ્રાથમિક તપાસ હાથ ધરી હતી. જેમાં રાષ્ટ્રીય પક્ષી મોર અને ઢેલે કઈ ઝેરી ખોરાક ખાધો હોવાનું બહાર આવ્યું છે. રાષ્ટ્રીય પક્ષી મોરના શંકાસ્પદ મૃત્યુ અંગે વન વિભાગે ચારેય મૃત પક્ષીઓના મૃતદેહ અમદાવાદ સિવિલ ખાતે મોકલી આપ્યા હતા. વન વિભાગે રાષ્ટ્રીય પક્ષી મોરના શંકાસ્પદ મૃત્યુ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# વેસ્ટર્ન રેલવે મુંબઈના મેનેજર આજે મુખ્યમંત્રીની મુલાકાત લેશે

ગાંધીનગર તા ૨

વેસ્ટર્ના રેલ્વે મુંબઈના જનરલ મેનેજર આજે ગાંધીનગર આવશે. આ દરમિયાન વેસ્ટર્ન રેલવેના મેનેજર મુખ્યમંત્રીની મુલાકાત લેશે તેઓ આ બેઠક દરમિયાન રેલવે સંબંધિત પ્રશ્નો અંગે ચર્ચા વિચારણા કરશે.આ તબક્કે શહેર વસાહત મહામંડળ દ્વારા મુખ્યમંત્રીને અમદાવાદથી દેશના વિવિધ શહેરોમાં દોડતી ટ્રેઈનોને વાયા ગાંધીનગર કરવા રજુઆત કરવામાં આવી છે.

કેપીટલ સ્ટેશનના વિકાસ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. આમછતા કેપિટલ સ્ટેશનને પાટનગરને છાજે તેવુ બનાવી શકાયુ નથી. હાલની સ્થિતિએ સ્ટેશન પરથી રોજ બરોજ ચાર ટ્રેઈનો અવર જવર કરે છે. છેલ્લા કેટલાક

## કેપિટલ સ્ટેશનના પ્રશ્નો અંગે પણ ચર્ચા વિચારણા થશે

સમયથી પાટનગરના રેલવે સ્ટેશનને વિકસાવા માટે અનેકવાર રજુઆતો થઈ છે. પરંતુ આ મામલે કોઈગતિવિધિઓ હાથ ધરવામાં આવી નથી. જયારે રેલવે બજેટના અંતે પણ કેપિટલ સ્ટેશનને ઠેંગો દેખાડી દેવામાં આવે છે. હાલ ગાંધીનગર મહેસાણા કલોલ મહેસાણા પાલનપુર રૂટમાં વિજળીકરણનુ કામ ચાલી રહયુ છે. જયારે આગામી માર્ચ મહીનામાં સુધીમાં આ કામગીરી પુર્ણ કરી દેવાશે આ સ્થિતિને ધ્યાને લઈ શહેર વસાહત મહામંડળ દ્વારા અમદાવાદથી ઉપડતી ટ્રેઈનોને વાયા ગાંધીનગર દોડાવવા પણ રજુઆત કરવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

# વન વિભાગ દ્વારા ૫ નવેમ્બરે હજારો કવિન્ટલ લાકડાની હરાજી થશે

ગાંધીનગર તા ૨

વન વિભાગ દ્વારા આગામી તા ૫ નવેમ્બરના રોજ લાકડાની હરાજી કરવામાં આવશે. ગત જુલાઈ મહીના દરમિયાન આવેલા તોફાની વરસાદમાં જમીનદોસ્ત થયેલા સેંકડો વૃક્ષોમાંથી હજારો કવિન્ટલ લાકડાની ઉપજ થઈ હતી. જેની વન વિભાગ દ્વારા બે તબકકામાં હરાજી કરવામાં આવશે. જયારે વન વિભાગને લાકડાની હરાજીમાંથી લાખો રૂપિયાની આવક પણ થશે.

## ગત જુલાઈ મહીનામાં તોફાની વરસાદમાં ધરાશાયી થયેલા વૃક્ષોમાંથી લાકડાની ઉપજ થઈ હતી

ગત જુલાઈ દરમિયાન આવેલા તોફાની વરસાદ દરમિયાન શહેર અને જિલ્લાના વિવિધ વિસ્તારમાં સેંકડો વૃક્ષો ધરાશાયી થઈ ગયા હતા. જયારે જમીન દોસ્ત થયેલા વૃક્ષો નગરજનો માટે આડશરૂપ બન્યા હતા. જયારે આ વૃક્ષો દુર કરવાનુ વનતંત્ર માટે પણ ચેલેન્જરૂપ બન્યુ હતુ. લાંબા સમયના અંતે વન વિભાગ દ્વારા જિલ્લામાંથી સેંકડો વૃક્ષોને સ્થળ પરથી દુર કરવામાં આવ્યા હતા. જો કે આ વૃક્ષોને દુર

● અનુસંધાન પાન-૭ પર

# ભાજપના અગ્રણી અને જાણીતા વકીલ જિગ્નેશ જોષીના પિતા હર્ષદભાઈનુ દુ:ખદ અવસાન

## સે-૭ ડીના નિવાસ સ્થાનેથી સદગતની અંતિમયાત્રામાં વકીલો ભાજપના અગ્રણીઓ અને પત્રકારો જોડાયા

ગાંધીનગર તા ૨

શહેરના ભાજપ તથા બ્રહ્મસમાજના અગ્રણી અને જાણીતા વકીલ જીગ્નેશે જોષીના પિતા હર્ષદભાઈ હિંમતલાલ જોષીનું ગઈકાલે રાત્રે ટુંકી માંદગીના અંતે અવસાન થયુ હતુ. સદગતાની અંતિમયાત્રા આજે સવારે તેમના સે-૭ ડી સ્થિત નિવાસ સ્થાનેથી નિકળી હતી. જેમાં મોટી સંખ્યામાં ભાજપના અગ્રણીઓ વકીલો તેમજ નગરજનો જોડાયા હતા.



સદગતનુ બેસણુ આગામી તા ૫ નવેમ્બરના રોજ સે-૧૬ સ્થિત બ્રહ્મભવન ખાતે સવારે ૯ થી ૧૨ રાખવામાં આવ્યુ છે.

ગાંધીનગરના યુવા અગ્રણી વકીલ અને ભાજપના યુવા નેતા જિગ્નેશ જોષીના પિતા હર્ષદભાઈ હિમ્મતલાલ જોષીનુ ૭૬ વર્ષની વયે ગઈકાલે રાત્રિના અવસાન થયુ છે. ટુંકી માંદગીના અંતે તેમનુ અવસાન થતા સેકટરવાસીઓ તેમજ નગરના અગ્રણીઓએ

● અનુસંધાન પાન-૭ પર



દિપાવલી ઈફેક્ટ - દિપાવલી પર્વનું કાઉન્ટ-ડાઉન શરૂ થતાં ઘરે-ઘરેમાં સાફ-સુફી પુરજોશમાં ચાલી રહી છે... બિનઉપયોગી તુટેલી-ફુટેલી કે ભંગાર બનેલી અનેક ચીજ-વસ્તુઓ દિવાળી નિમિત્તે ભંગારમાં અપાય છે... આજકાલ પસ્તી અને ભંગારનો વ્યવસાય તેજીમાં ચાલે છે... શહેરના માર્ગો પર ભંગારની લારીઓમાં ટીવી અને કોમ્પ્યુટર મોનિટર જેવા બગડેલા ઉપકરણો પણ નજરે પડે છે... ફેંકી દેવા લાયક મોંઘી કે સસ્તી તમામ પ્રકારની ચીજ-વસ્તુઓનો ઘરમાંથી નિકાલ કાર્યક્રમ જોર પકડી રહ્યો છે... (તસવીર : કશ્યપ નિમાવત)

# જિલ્લાના ઈટાદરામાંથી સ્વાઈન ફ્લુનો કેસ મળ્યો

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના ઈટાદરામાંથી સ્વાઈન ફ્લુનો એક કેસ મળી આવ્યો છે. દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

બેવડી ઋતુની સીઝન ચાલી રહી છે અને વિશ્વ આરોગ્ય સંસ્થાઓ પણ આ વખતે સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા વધે તેવી ચેતવણી આપી છે. આજે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયેલ ઈટાદરાના દર્દીને સ્વાઈન ફ્લુ પરીક્ષણમાં પોઝીટીવ જણાતાં આરોગ્ય તંત્ર દોડધામમાં વ્યસ્ત બન્યું છે.

મળતી વિગતો પ્રમાણે ૫૨ વર્ષીય પુરૂષ દર્દીની સ્થિતિ સારી હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

આરોગ્ય તંત્ર દ્વારા હાથ ધરાયેલ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં આ શંકાસ્પદ દર્દી મળી આવતાં તેને ગાંધીનગર સિવિલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ. જ્યાં વિવિધ પરીક્ષણોમાં આજે સ્વાઈન ફલુ

## જિલ્લામાં સ્વાઈન ફલુના અત્યાર સુધીમાં ૧૦ કેસ નોંધાયા છે : દર્દી ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ

પોઝીટીવ જણાયેલ છે.

તંત્ર દ્વારા દર્દીના રહેઠાણની આસપાસના વિસ્તારોમાં સર્વેલન્સની કામગીરી હાથ ધરવા માટેની સૂચનાઓ જારી કરી દેવામાં આવી છે. જોકે અન્ય દર્દી નહિ મળ્યાનું તંત્રના સૂત્રોનું કહેવું છે.

ગાંધીનગર જિલ્લામાં આ સિઝનમાં અત્યાર સુધીમાં સ્વાઈન ફલુના ૧૦ કેસ નોંધાયા છે. જે પૈકી ૧ દર્દીનું મૃત્યુ થયું છે જ્યારે ૮ દર્દી સંપૂર્ણ સાજા થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે.

જિલ્લા તંત્ર દ્વારા સ્વાઈન ફલુના મળેલા કેસને પગલે તમામ તબીબી અધિકારીઓને સતર્કતા સાથે પરિસ્થિતિ પર નજર રાખવા તાકીદ કરવામાં આવી છે.

State Bank of India
ઈન્વેસ્ટમેન્ટ ટેક્સ ફ્રી
ગેરેન્ટેડ બોન્ડ (SBI)
દર વર્ષે ૫ લાખ ભરો ૫ વર્ષ માટે અને ૧૦ વર્ષે ૬૦ લાખ મેળવો તેમજ ૫૦ લાખનો ઈન્સ્યોરન્સ મેળવો.
મો. : ૯૧૭૩૭૩૭૯૬૩

# વર્ગ-૪ના કર્મચારીઓને ૩૫૦૦ની મર્યાદામાં દિવાળી બોનસ મળશે

ગાંધીનગર, તા. ૨

રાજ્યના વર્ગ-૪ના કર્મચારીઓને રૂ. ૩૫૦૦ની મર્યાદામાં દિવાળી બોનસ આપવાનુ રાજ્ય સરકારે જાહેરાત કરતાં કર્મચારીઓમાં આનંદની લાગણી ઉઠવા પામી છે.

રાજ્ય સરકારે તેના વર્ગ-૪ના કર્મચારીઓને દિવાળીના તહેવારોને ધ્યાને રાખીને રૂ. ૩૫૦૦ ની મર્યાદામાં બોનસ આપવાનો નિર્ણય કર્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ અગાઉ રાજ્ય સરકારે વર્ગ-૪ના કર્મચારીઓને રૂ. ૩ હજારની મર્યાદામાં તહેવાર પેશગી આપવાનો નિર્ણય કર્યો હતો.

વર્ગ-૪ના કર્મચારીઓને બોનસ આપવાના કરેલા નિર્ણયનો લાભ બોર્ડ-નિગમના કર્મચારીઓને પણ મળશે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ જાહેર થતાં આચારસંહીતા અમલી બનતા નાણાં વિભાગે રાજ્ય ચૂંટણી પંચની મંજુરી મેળવીને વર્ગ-૪ના કર્મચારીઓને દિવાળી બોનસ આપવાનો નિર્ણય કર્યો છે.

પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ
ભાવભીની અંજલિ



સ્વ. બાબુભાઈ મંગળભાઈ પરમાર
સ્વર્ગવાસ તા. ૩-૧૧-૨૦૧૪
આપના જીવનની સંધ્યા પુરી તો નહોતી થઈ છતાં સૂરજ આથમી ગયો. ધગશ, ઉત્સાહ, કર્તવ્ય, નિષ્ઠા, પ્રમાણિકતા અને નિઃસ્વાર્થ ભાવનાના સિતારા તમે છોડી ગયા. જીવન એવું જીવ્યા કે વર્ષોવર્ષ સૌ તમને યાદ કરતા રહેશે...
પ્રભુ આપના આત્માને ચિર શાંતિ અર્પે એવી પ્રાર્થના...
લિ.
ગં.સ્વ. પુષ્પાબેન બી. પરમાર (પત્ની)
ચેતના પરમાર (પુત્રી)
ટ્વિંન્કલ પરમાર (પુત્રી)
નિરવ પરમાર (પુત્ર)
તથા સમસ્ત પરમાર પરિવાર, બોરીજ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com